ICDS હેઠળની જિલ્લા અને ઘટક કચેરીઓની
જગ્યાઓ આઉટસોર્સીંગથી મેળવવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૨/૪૨૯૮/બ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/03/૨૦૨૨

વંચાણે લીધા:

1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૨/૧૨/૨૦૧૯નો ઠરાવ.
2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૨/૦૯/૨૦૨૦નો ઠરાવ.
3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૬/૦૨/૨૦૨૧નો ઠરાવ.

//ઠરાવ//

વંચાણે લીધા ક્રમાંક (૧) થી (3) પરના ઠરાવથી જિલ્લા અને ઘટક કક્ષાની જગ્યાઓને ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપેલ હતી. આ જગ્યાઓની સેવા વધુ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીની નીચે મુજબની કુલ-૪૮૫ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત વધુ ૧૧ માસ (૦૨/૧૦/ ૨૦૨૨) અથવા નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | જિલ્લા કક્ષાની જગ્યાઓ | ઘટક કક્ષાની જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધિક્ષક | ૧૭ | --- | ૧૭ |
| ૨ | આંકડા મદદનીશ | ૧૪ | ૨૩૧ | ૨૪૫ |
| 3 | હિસાબનીશ | ૨૧ | --- | ૨૧ |
| ૪ | જુ.ક્લાર્ક | ૧૦ | ૧૯૨ | ૨૦૨ |
| | કુલ | ૬૨ | ૪૨૩ | ૪૮૫ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૬/03/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ...................
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ...............
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન,……………
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
12. શાખા સિલેક્ટ ફાઇલ